

આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૧ [૭૩૪] * **આત્મધર્મ** * [અંક-૬ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ ડિસેમ્બર-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ થાય છે અને સ્થિર થવાની આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે, જે મુદ્રા જોવાથી કેવળી ભગવાનનું સ્મરણ થઈ જાય છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાતી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઈ જાય છે. પંડિત બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો પ્રત્યક્ષ મહિમા છે. જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત લાગે છે. ૮૫૦.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચતુર્દશ ગુણસ્થાનાધિકાર, ૫૬-૨)*

❀ ચારિત્ર પરવશ થયું થકું જીવને સંસાર ઉત્પન્ન કરે છે અને નિજ ઘરમાં રહ્યું થકું જીવને જગતથી પાર કરે છે. ૮૫૧.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૫૬)*

❀ જેણે આત્મતત્ત્વના વિષયમાં સ્થિરતાં પ્રાપ્ત કરી છે તે બોલતો હોવા છતાં બોલતો નથી, ચાલતો હોવા છતાં ચાલતો નથી અને દેખતો હોવા છતાં દેખતો નથી. ૮૫૨. *(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૪૧)*

❀ કોઈ તર્ક કરે કે—જ્ઞાનમાં સર્વ જ્ઞેય ઉપચારથી છે તો સર્વજ્ઞપદ ઉપચરિત થયું, ઉપચાર જૂઠ છે તો શું સર્વજ્ઞપદ જુઠું થયું ? તેનું સમાધાન—જેને ઉપચાર માત્રમાં જ લોકાલોક ભાસ્યો તો તેના નિશ્ચય-જ્ઞાનનો મહિમા કોણ કહે ? આ જ્ઞાન જ, સ્વસંવેદનરૂપ થયું થકું સર્વને જાણે છે. ૮૫૩.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૭૩)*

❀ પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન, માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ. બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ, ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે. ૮૫૪. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૬૦)*

❀ આ મનુષ્યના શરીર વિષે એક-એક અંગુલમાં છન્નુ-છન્નુ રોગ હોય છે. તો બાકીના સમસ્ત શરીર વિષે કેટલા રોગ કહેવા એ સમજો. (આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાશી રોગ રહેલા છે.) ૮૫૬. *(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩૭)*

કહાન
સંવત ૨૫
વર્ષ ૬૧
અંક ૬
[૭૩૪]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૫૬૧
December
A.D. 2004

# સમ્યગ્દષ્ટિના વિલાસનું વર્ણન

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૦૪)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે, તેમાં મોક્ષદ્વારમાં 'પ'મા પદ્યમાં બનારસીદાસજી મોક્ષ જનારની સુબુદ્ધિનો વિલાસ બતાવે છે. મોક્ષગામીનું સમ્યગ્જ્ઞાન કેવું હોય તે કહે છે.

धरति धरम फल हरति करम मल,
मन वच तन बल करति समरपन।
भखति असन सित चखति रसन रित,
लखति अमित वित करि चित दरपन॥
कहति मरम धुर दहति भरम पुर,
गहति परम गुर उर उपसरपन।
रहति जगति हित लहति भगति रति,
चहति अगति गति यह मति परपन॥५॥

અર્થ :—સુબુદ્ધિ ધર્મરૂપ ફળ ધારણ કરે છે, કર્મફળ હરે છે, મન, વચન, કાય ત્રણે બળોને મોક્ષમાર્ગમાં લગાવે છે, જીભથી સ્વાદ લીધા વિના ઉજ્વળજ્ઞાનનું ભોજન ખાય છે, પોતાની અનંતજ્ઞાનરૂપ સંપત્તિ ચિત્તરૂપ દર્પણમાં દેખે છે, મર્મની વાત અર્થાત્ આત્માનું સ્વરૂપ બતાવે છે, મિથ્યાત્વરૂપ નગર ભસ્મ કરે છે, સદ્‌ગુરુની વાણીનું ગ્રહણ કરે છે,

ચિત્તમાં સ્થિરતા લાવે છે, જગતના હિતકારી બનીને રહે છે, ત્રિલોકનાથની ભક્તિમાં અનુરાગ કરે છે, મુક્તિની અભિલાષા ઉત્પન્ન કરે છે, એવો સુબુદ્ધિનો વિલાસ છે.

ધર્મીની સુબુદ્ધિ એવી હોય છે કે જે ધર્મરૂપી ફળને ધારણ કરે છે, રાગ અને પુણ્યને ધારણ કરતી નથી. ચૈતન્યનું જ્ઞાન થતાં તે સુબુદ્ધિ શું કરે? તેનો આ જવાબ છે કે એ ધર્મરૂપી ફળને ધારણ કરે છે અને રાગાદિ મળને ટાળે છે. મન, વચન, કાયા ત્રણેય બળને મોક્ષમાર્ગમાં લગાવે છે. મન-વચન-કાયાનું વલણ–સમર્પણ બધું મોક્ષમાર્ગ તરફ લઈ જાય છે, આવી સુબુદ્ધિને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

સુબુદ્ધિ શેનું ભોજન જમે છે?–કે શીતળ જ્ઞાનસ્વભાવ ઉજ્વળ જ્ઞાનના ભોજન કરે છે, શુભાશુભ રાગને સુબુદ્ધિ ખાતી નથી. દાળ, ભાત, લાડવાના ભોજન તો નહિ પણ રાગના ભોંજનને પણ તે કરતી નથી. ભગવાન આત્મા નિત્યાનંદભોજી છે. જીભના સ્વાદ વિના આત્માનંદને ભોગવે છે.

लखति अमित वित–સુબુદ્ધિ પોતાની અનંતજ્ઞાનરૂપ સંપતિ કે જેને કોઈ મર્યાદા નથી એવી ચૈતન્યલક્ષ્મીને જાણે છે અર્થાત્ ચિત્તરૂપ દર્પણમાં પોતાના અનંત જ્ઞાનાદિ સ્વભાવને દેખે છે. મર્મને બતાવે છે એટલે કે આત્માના સ્વરૂપને–આનંદને અનુભવે છે અને મિથ્યાત્વરૂપી ભ્રમણાના નગરને તો બાળીને ભસ્મં કરી નાંખે છે.

જુઓ! આ બનારસીદાસજી! શ્રૃંગારના પુસ્તકો બનાવ્યા હતાં તેને તો ગોમતીમાં નાખી દીધાં અને આત્મધર્મના પુસ્તકો બનાવ્યાં. જ્યાં ત્યાં સુખ માનવું, બીજેથી સહાય માનવી, પરમાં મારાપણું કરવું એવી અનેક મિથ્યાભ્રમણાને સુબુદ્ધિ ભસ્મ કરી નાંખે છે. સદ્‌ગુરુની વાણી સત્ય છે તેને જ સુબુદ્ધિ ગ્રહણ કરે છે.

સમ્યગ્જ્ઞાનરૂપ સુબુદ્ધિ જગતને હિતકારી થઈને રહે છે અર્થાત્ કોઈનું અહિત કરતી નથી. વળી સમગ્જ્ઞાનનો પ્રેમ ક્યાં વહે છે?–કે ત્રિલોકનાથની ભક્તિમાં તેનો પ્રેમ વહે છે. ભગવાન પ્રત્યે પ્રેમ છે તેથી વિકલ્પ ઊઠે છે તો ભગવાનની ભક્તિનો ઉઠે છે.

સુબુદ્ધિ કેવી છે? चहति अगति गति—જ્યાંથી પાછું ફરવું ન પડે એવી અગતિગતિને સુબુદ્ધિ ચાહે છે. મોક્ષ સિવાય કોઈ ગતિને ચાહતી નથી. રાગને નહિ, સ્વર્ગને નહિ, વ્યવહારને નહિ. કોઈને સુબુદ્ધિ ચાહતી નથી. આવો સુબુદ્ધિનો परपन–વિલાસ છે. સુબુદ્ધિજીવનું જ્ઞાન જગતને હિતનું કારણ થાય છે. સુબુદ્ધિને વિશેષ જ્ઞાનીગુરુની વાણી સાંભળવાનો રાગ આવે ખરો પણ તે વ્યવહારને ચાહતાં નથી. તેને એકમાત્ર મુક્તિની ઈચ્છા છે. જ્ઞાની જાણે છે કે વીતરાગપરિણતિથી જ મુક્તિ થશે.

આ તો શાંતિનું કામ છે, દોડાદોડથી મળે તેવી આ ચીજ નથી.

राणाकौसौ बाना लीनै आप साधै थाना चीनै,
दानाअंगी नानारंगी खाना जंगी जोधा है।।
मायाबेली जेती तेती रेतैमें धारेती सेती,
फंदाहीकौ फंदा खोदै खेतीकौसौ लोधा है।।
बाधा सेती हांता लोरै राधासेती तांता जोरै,
बांदीसेती नाता तोरै चांदीकोसौ सोधा है।।
जानै जाही ताही नीकै मानै राही पाही पीकै,
ठानै बातै डाही ऐसौ धाराबाही बोधा है।।६।।

અર્થ :–ભેદવિજ્ઞાની જ્ઞાતાએ રાજા જેવું રૂપ બનાવેલું છે. તે પોતાના આત્મરૂપ સ્વદેશની રક્ષા માટે પરિણામોની સંભાળ રાખે છે અને આત્મસત્તા ભૂમિરૂપ સ્થાનને ઓળખે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા આદિની સેના સંભાળવામાં દાના અર્થાત પ્રવીણ હોય છે. શામ, દામ, દંડ, ભેદ આદિ કળાઓમાં કુશળ રાજાની સમાન છે. તપ, સમિતિ, ગુપ્તિ, પરિષહજય, ધર્મ, અનુપ્રેક્ષા આદિ અનેક રંગ ધારણ કરે છે. કર્મરૂપી શત્રુઓને જીતવામાં ઘણો બહાદુર છે. માયારૂપી જેટલું લોઢું છે તે બધાંનો નાશ કરવા માટે રેતી સમાન છે. કર્મના ફંદારૂપ કાંસને મૂળમાંથી ઉખેડવા માટે કિસાન સમાન છે, કર્મબંધના દુઃખોથી બચાવનાર છે, સુમતિ રાધિકા સાથે પ્રીતિ જોડે છે, કુમતિરૂપ દાસી સાથે સંબંધ તોડે છે. આત્મપદાર્થરૂપ ચાંદીનું ગ્રહણ કરવામાં અને પરપદાર્થરૂપ ધૂળને છોડવામાં સોની સમાન છે, પદાર્થને જેવો જાણે છે તેવો જ માને છે, ભાવ એ છે કે હેયને હેય જાણે છે અને હેય માને છે. ઉપાદેયને ઉપાદેય જાણે છે અને માને છે એવી ઉત્તમ વાતોના આરાધક ધારાપ્રવાહી જ્ઞાતા છે.

બનારસીદાસે પણ પોતાના કવિત્વને આમાં બરાબર ગોઠવ્યું છે. શબ્દો કેવા લીધા છે! ક્ષયોપશમને અંતરમાં વાપર્યો. સમ્યગ્દ્રષ્ટિ થયાં પહેલાં મનુષ્યગતિનું આયું બંધાઈ ગયું હોય તો તે જીવ જુગલિયામાં જાય છે. ત્યાં જીવો બહુ ભદ્રિક હોય છે. આયુષ્ય બહુ લાંબા હોય. એક, બે અથવા ત્રણ પલ્યના આયુષ્ય હોય એટલે અસંખ્ય અબજ વર્ષ થાય. શરીરની ઉંચાઈ પણ આયુષ્ય પ્રમાણે એક, બે અથવા ત્રણ ગાંઉની હોય છે. ક્ષાયિક સમકિત લઈને પણ જીવ ત્યાં ઊપજે છે. ત્યાંનું આયુ પૂરૂ કરીને પછી સ્વર્ગમાં જ જાય છે.

ક્ષાયિક સમકિતી હોય, ભોગભૂમિમાં ત્રણપલ્યના આયુષ્યમાં કલ્પવૃક્ષના ફળોને ભોગવતાં હોય, ઉપાધિ તો કાંઈ ન હોય, ભેગા થઈને ચર્ચા–વાર્તા કરતાં હોય. ઋષભદેવના ચરિત્રમાં આવે છે કે ઋષભદેવ આદિ છ જીવો પૂર્વે ભોગભૂમિમાં હતાં ત્યાં ઉપર આકાશમાં ચાલ્યા જતાં મુનિ આ જીવોને જોઈને નીચે ઉતરે છે અને કહે છે કે તમારે સમ્યક્ત્વપ્રાપ્તિનો આ કાળ છે. જુઓ તો ખરા! ગજબ છે ને! ઉપરથી મુનિઓ આ જીવોને ઉંચે ચડાવવા પોતે નીચે ઉતર્યા...તમારે સમ્યક્ત્વલબ્ધિનો આ કાળ છે. કેટલી પાત્રતા! કેટલી યોગ્યતા! સરળતા અને ભદ્રિકતા કેટલી! જુગલિયાં એવાં જ હોય. એ પણ મનુષ્ય જ હોય પણ બે જીવો સાથે ઉપજે અને સાથે મરે છે એટલે જુગલિયાં કહેવાયાં. ભાઈ-બહેન સાથે ઉપજે અને એ જ પતિ-પત્ની થાય છે છતાં કષાયની ઘણી જ મંદતા હોય છે. અહીં જો એવું હોય તો એને તીવ્ર કષાય હોય છે. ત્યાં તો એટલો મંદકષાય છે કે મરીને સ્વર્ગમાં જ જાય છે. ઋષભદેવનો જીવ અને બીજાં જીવો પણ ત્યાંથી મરીને સ્વર્ગમાં જાય છે.

આ બનારસીદાસ જેવું કવિત્વ આદિ બધાં સમ્યગ્દષ્ટિ જીવોને ન હોય. તેના ઉપરથી આ વિચાર આવ્યો કે જુગલિયાં તો તદ્દન ભદ્રિક હોય છે છતાં કોઈ ક્ષાયિક સમકિત લઈને આવેલ હોય છે અને કોઈ જીવો ત્યાં પણ સમકિતને પ્રાપ્ત કરે છે. ઋષભદેવ આદિ જીવો સમકિત લઈને આવ્યાં ન હતાં, પણ મુનિનું સંબોધન પામીને સમકિત પામ્યાં. દરેક સમ્યગ્દષ્ટિને ક્ષયોપશમ સરખો નથી હોતો.

અહીં છટ્ઠા પદ્યમાં સમ્યગ્જ્ઞાનીનું મહત્વ સમજાવવાં જ્ઞાનીને બાદશાહનું રૂપ આપ્યું છે. राणाकौसौ बाना लीनै—ભેદજ્ઞાની રાજા પોતાના સ્વક્ષેત્રની રક્ષા માટે પોતાના પરિણામની સંભાળ રાખે છે. શુદ્ધ પરિણામને જુએ છે. પોતાની સત્તાને બરાબર ઓળખે છે. આનંદસ્વરૂપનો બાદશાહ જ્ઞાની પ્રશમ, સંવેગ, અનુકંપા, આસ્થા આદિ ગુણોની સેનાને સંભાળવામાં પ્રવીણ હોય છે. ધન કમાવામાં હોશિયાર છે એમ ન કહ્યું પણ પોતાના ચૈતન્યરાજ્યની સેના સંભાળવામાં પ્રવીણ છે. नानारंगी એટલે શામ, દામ, દંડ, ભેદ આદિ કળાઓમાં જ્ઞાની કુશળ રાજા જેવો હોય છે. પોતાના ઉપશમ આદિ ગુણોમાં પ્રવીણ હોય છે. વળી તપ, સમિતિ, ગુપ્તિ, પરિષહજય, ધર્મ, અનુપ્રેક્ષા આદિ અનેક ભાવોને ધર્મી ધારણ કરે છે. ૧૨ પ્રકારના તપને મુનિ ધારે છે ને! તેમ જ પાંચ સમિતિ, ત્રણગુપ્તિ, બાવીશ પરિષહજય, દશ પ્રકારના ધર્મ અને બાર ભાવના જેવા અનેક રંગોને ધર્મીબાદશાહ ધારણ કરે છે.

ધર્મીજીવો કર્મશત્રુને જીતવામાં બહુ બહાદુર હોય છે. અરિનો અર્થ દુશ્મન થાય છે ને! એટલે એક માસિકમાં આવ્યું હતું કે અરિહંત ન કહેવું અર્હત્ કહેવું. અરે ભાઈ! અર્હત્ કહો કે અરિહંત કહો કે અરહંત કહો બધાંનો ભાવ એક જ છે. નામ ગમે તે હો તેનાથી વસ્તુમાં કાંઈ ફેર પડતો નથી.

જેમ લોખંડને રેતીથી ઘસીને સાફ કરે તેમ ધર્મીજીવો માયારૂપી લોખંડને માટે રેતી સમાન છે. માયાને સાફ કરી નાંખે છે. ઘાસફૂસ ને ખેડૂતો મૂળમાંથી કાઢીને ફેંકી દે છે તેમ ધર્મીજીવો કર્મના ફંદાને મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે. ધર્મી પોતાની આનંદ આદિ ગુણોની ખેતીને સંભાળવામાં શક્તિશાળી છે. વચ્ચે આવતાં વિઘ્નોને દૂરથી જ તોડી નાંખે છે. સમ્યગ્જ્ઞાની બાદશાહ ક્લેશને અલગ કરી નાંખે છે અને સુમતિરૂપી રાધા સાથે સંબંધ જોડે છે. કુમતિરૂપી દાસી સાથેનો સંબંધ તોડી નાંખે છે. સુમતિ વડે કુમતિને તોડી નાંખે છે.

જેમ ધૂળધોયા ધૂળમાંથી સોનું લઈ લે અને ધૂળને છોડી દે છે, તેમ જ્ઞાની આત્માના આનંદને લઈ લે છે અને પુણ્ય-પાપના વિકલ્પોને છોડી દે છે. આત્માનંદ રૂપ ચાંદીને લઈ લે અને પરપદાર્થરૂપ ધૂળને છોડવામાં ધર્મી સોની જેવા છે.

जानै जाही ताही नीकै–સમ્યગ્જ્ઞાનથી જે વાતને બરાબર જાણે તેને તેમ જ માને છે. જે ઉપાદેય છે તેને ઉપાદેય માને છે અને પુણ્ય-પાપ હેય છે તેને હેય માને છે. શુભાશુભભાવને હેય માનનાર મિથ્યાદષ્ટિ છે એવું અત્યારે ચાલે છે તે વાત ખોટી છે.

આવી ઉત્તમ વાતોના આરાધક ધારાપ્રવાહી જ્ઞાતા છે. 'આત્મા' અડદની દાળ જેમ ઉપાદેય છે અને ફોતરાંની જેમ શરીરાદિ હેય છે એમ ધર્મી જેમ છે તેમ જાણે છે અને એવી જ શ્રદ્ધા કરે છે.

સુબુદ્ધિનો વિલાસ બતાવ્યો, જ્ઞાનીની બાદશાહી કહીને મહિમા બતાવી. હવે કહે છે કે જ્ઞાનીજીવ જ ચક્રવર્તી છે. સમ્યગ્જ્ઞાની ધર્મના ચક્રવર્તી છે.

जिन्हकै दरब मिति साधन छखंड थिति,
बिनसै विभाव अरि पंकति पतन हैं।
जिन्हकै भगतिकौ विधान एई नौ निधान,
त्रिगुनके भेद मानौ चौदह रतन हैं॥

जिन्हके सुबुद्धिरानी चूरै महा मोह वज्र,
पूरै मंगलिक जे जे मोखके जतन हैं।
जिन्हके प्रमान अंग सौहै चमू चतुरंग,
तेई चक्रवर्ती तनु धरैं पै अतन हैं।।७।।

અર્થ :–જ્ઞાનીજીવ ચક્રવર્તી સમાન છે કારણ કે ચક્રવર્તી છ ખંડ પૃથ્વી જીતે છે, જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે; ચક્રવર્તી શત્રુઓનો નાશ કરે છે, જ્ઞાનીજીવ વિભાવપરિણતિનો વિનાશ કરે છે; ચક્રવર્તીને નવનિધિ હોય છે, જ્ઞાની નવભક્તિ ધારણ કરે છે; ચક્રવર્તીને ચૌદ રત્ન હોય છે, જ્ઞાનીઓને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ચૌદ રત્ન હોય છે. ચક્રવર્તીની પટરાણી દિગ્વિજય માટે જવાને સમયે ચપટીથી વજ્રત્નોનો ભૂકો કરીને ચોક પૂરે છે, જ્ઞાની જીવોની સુબુદ્ધિરૂપ પટરાણી મોક્ષમાં જવાના શુકન કરવા માટે મહામોહરૂપ વજ્રનું ચૂર્ણ કરે છે. ચક્રવર્તીને હાથી, ઘોડા, રથ, પાયદળ એવી ચતુરંગિણી સેના હોય છે. જ્ઞાનીજીવોને પ્રત્યક્ષ, પરોક્ષ, નય, પ્રમાણ અને નિક્ષેપ હોય છે. વિશેષ એ છે કે ચક્રવર્તીને શરીર હોય છે પણ જ્ઞાનીજીવ દેહથી વિરક્ત હોવાના કારણે શરીરરહિત હોય છે તેથી જ્ઞાનીજીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે.

શ્રોતાનું મન આમાં એકાગ્ર થાય, બીજે ક્યાંય મન ન જાય તો આ સમજી શકાય તેવું છે. આ તો ધર્મના ચક્રવર્તીની વાતો છે ભાઈ! 'નમોત્થાણું'માં આવે છે કે ચારગતિનો અંત કરવા માટે ભગવાન ચક્રવર્તી સમાન છે. અહીં તો સમ્યગ્જ્ઞાનીને ચક્રવર્તીની ઉપમા આપી છે.

ચક્રવર્તી છખંડને સાધે છે તેમ જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે. અથવા તો સોગાનીએ કહ્યું તેમ, જ્ઞાની પોતાના અખંડ આત્માને સાધે છે. ચિદાનંદ અખંડ આનંદ પ્રભુને સાધે તેને ચક્રવર્તી કહીએ. ચક્રવર્તી પોતાના વિરોધી રાજાઓનો નાશ કરે છે તેમ, ધર્મી પોતાના વિરોધી એવા વિભાવનો નાશ કરે છે. શુભ અને અશુભ બંને પરિણતિ વિભાવ છે તેનો ધર્મી વિનાશ કરે છે, રક્ષા કરતો નથી. વિભાવરૂપી અરિની પંક્તિનો નાશ કરે છે. ચક્રવર્તીને નવનિધિ હોય છે તેમ ધર્મીને નવધાભક્તિરૂપી નવ નિધાન હોય છે. નવધાભક્તિ એ જ ધર્મીની નવનિધિ છે.

ચક્રવર્તીની નવનિધિના નામ ફુટનોટમાં આપેલા છે અને જ્ઞાનીની નવનિધિરૂપ નવભક્તિના નામ હવે પછીના પદ્યમાં આવે છે. (૧) શ્રવણ–ઉપાદેય ગુણોનું સાંભળવું.

આત્મા અખંડાનંદ ઉપાદેય છે તેને સાંભળવાનો વિકલ્પ છે તેને અહીં શ્રવણ નામના નિધાનમાં ગણવામાં આવ્યો છે. (૨) કીર્તન—ગુણોની વ્યાખ્યા કરવી તે પણ એક નિધાન છે. (૩) ચિંતવન—ગુણોનો વિચાર કરવો એ પણ એક નિધિ છે. (૪) સેવન-ગુણોનું અધ્યયન કરવું તે સેવનનિધિ છે. (૫) વંદન-ગુણોની સ્તુતિ કરવી તે-અનંત આનંદ આદિ ગુણોની સ્તુતિ કરવી તે નિધાન છે. (૬) ધ્યાન-ગુણોનું સ્મરણ કરવું તે ધ્યાનરૂપ નિધાન છે. (૭) લઘુતા-ગુણોનો ગર્વ ન કરવો તે પણ ગુણ છે. ગર્વ શેનો કરવાનો હોય! (૮) સમતા-બધાં પ્રત્યે એકસરખી દૃષ્ટિ રાખવી તે. (૯) એકતા-એક આત્માને જ પોતાનો માનવો, શરીરાદિને પર માનવા એવી 'એકતા' એ પણ નિધાન છે.

આ પ્રકારની નવભક્તિ તે સમ્યગ્જ્ઞાની ચક્રવર્તીના નવનિધાન સમાન છે. ધન, પુત્ર, મકાન, આદિ હોય છે તે જ્ઞાનીના નિધાન નથી એ તો જડ છે.

त्रिगुनके भेद मानौ चौदह रतन है। સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના, જ્ઞાનના અને ચારિત્રના મળીએ કુલ ૧૪ રતન છે એમ કવિએ ભેદોને રત્નની ઉપમા આપી છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ સમ્યગ્દર્શનના ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન એ સમ્યગ્જ્ઞાનના પાંચ ભેદ છે અને સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને સંયમાસંયમ આ છ સમ્યક્ચારિત્રના ભેદ છે. કુલ ૧૪ ભેદો એ ૧૪ રત્નો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય છે માટે તેના ભેદો પણ રત્નો જ છે.

ચક્રવર્તી જ્યારે રાજગાદી ઉપર બેસવાના હોય ત્યારે માંગલિકરૂપે ચક્રવર્તીની રાણી હાથથી હીરો ચોળીને રંગોળી પૂરે છે તેમ, જ્ઞાનીની સુબુદ્ધિરાણી મોક્ષમાં જવાના શુકન માટે મોહરૂપી વજ્રનું ચૂર્ણ કરે છે-મોહને તોડી નાંખે છે. મિથ્યાત્વ અને રાગાદિનું ચૂર્ણ કરી નાંખવું તે મોક્ષ માટે માંગલિક છે. મોક્ષના જે ઉપાય છે તેને અહીં માંગલિક તરીકે ગણ્યાં છે.

ચક્રવર્તીને ચતુરંગિણી સેના હોય છે તેમ સમ્યગ્જ્ઞાનીના પ્રમાણજ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદ તથા નય અને નિક્ષેપ એમ ચાર સેનાથી જ્ઞાની શોભે છે. બનારસીદાસજીએ આવો બધો મેળ સ્વતંત્રપણે પોતે ઉતાર્યો છે. અંતમાં લે છે કે ચક્રવર્તીને તો શરીર છે પણ જ્ઞાની તો શરીરસહિત દેખાતાં હોવા છતાં શરીર રહિત હોય છે. શરીરથી તો રહિત પણ જ્ઞાની રાગથી પણ રહિત છે કેમ કે જ્ઞાનીને શરીર અને રાગ પ્રત્યે વિરક્તિ હોય છે.

આ રીતે, જ્ઞાની જીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે.

નીચે ફુટનોટમાં ચક્રવર્તીના ચૌદરત્નોના નામ આપ્યાં છે તેમાં સાત સજીવરત્ન છે અને સાત અજીવ છે.

"સેનાપતિ, ગ્રહપતિ, થપિત, પ્રોહિત, નાગ, તુરંગ,
બનિતા મિલિ સાતૌં રતન, હૈં સજીવ સરવંગ.
ચક્ર છત્ર અસિ દંડ મણિ, ચર્મ કાંકણી નામ,
યે અજીવ સાતૌં રતન, ચક્રવર્તીકે ધામ."

લૌકિક ચક્રવર્તી છ ખંડને આ ચૌદરત્નો વડે સાધે છે જ્યારે આ અલૌકિક ચક્રવર્તી રત્નત્રય વડે અખંડને સાધે છે અને છ દ્રવ્યનું જ્ઞાન કરે છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન કરવું તેને છ દ્રવ્યનું સાધવું કહ્યું છે. છ દ્રવ્યથી પોતાને ભિન્ન જાણીને એકલાં ચૈતન્યમૂર્તિ નિજભગવાન આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મીનું કર્તવ્ય છે. રાગ કરવો તે ધર્મીનું કર્તવ્ય નથી. સ્વભાવનું સાધન કરવું તે ધર્મીનું કાર્ય છે.

હવે ત્રીજો કળશ (મોક્ષ અધિકારનો ત્રીજો) આવે છે.

भित्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कित निर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यहि वा धर्मा गुणा वा यदि
भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति॥३॥

આમાં વિભૌ આવ્યો. તેનો અર્થ આગળ આવશે. *(ક્રમશઃ)*

❀ ❀ ❀

તું ચૈતન્યમૂર્તિ જાણનાર દેખનાર આનંદકંદમૂર્તિ છો—એમ ભગવાને જોયું છે. તું રાગવાળો છો એમ ભગવાને તને જોયો નથી. પરંતુ હું જાણનાર-દેખનાર છું એમ તેં તને ન જોતાં, પરને જાણતાં તારામાં જે રાગાદિ થાય છે તે સ્વભાવને લઈને થયા નથી કે પરને જાણવાથી થયા નથી તોપણ પર ચીજને જાણવા ઉપરાંત આ ચીજ મને ઠીક પડે છે ને અઠીક પડે છે એવી મિથ્યાભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે. *—પૂજ્ય ગુરુદેવશ્રી*

# દેહ દેવાલયમાં બિરાજતાં દેવના દર્શન કરો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૧૨૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૮૨મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

જ્યાં સુધી નિજ શુદ્ધાત્મતત્ત્વનાં સ્વરૂપનું આચરણ નથી ત્યાં સુધી જીવ કર્મોથી છૂટી શકતો નથી. આત્મામાં શુભભાવ થાય તો પુણ્ય બંધાય છે અને અશુભભાવ થાય તો પાપ બંધાય છે પણ શુભાશુભ બંનેથી રહિત એવા સ્વભાવમાં એકાગ્રતા થયા વિના આત્મા કર્મોના બંધનથી છૂટતો નથી.

આત્માના અનુભવ વિના મિથ્યાત્વથી પણ જીવ છૂટકારો પામતો નથી. અનુભવ વિના અવ્રત, પ્રમાદ અને કષાયનો પણ નાશ થતો નથી. માટે, આત્માના અનુભવ વિના સંવર, નિર્જરા અને મોક્ષ નથી એ વાત નિઃસંદેહ જાણજો.

જ્યાં સુધી પરમતત્ત્વને ન જાણે, ન શ્રદ્ધા કરે, ન અનુભવે ત્યાં સુધી કર્મબંધથી જીવ છૂટતો નથી. આત્મા પરમ જ્ઞાન, પરમ આનંદ, પરમ શાંતિ, પરમ સ્વચ્છતાથી ભરેલું પરમતત્ત્વ છે, જ્યારે શુભાશુભભાવ તો અપરમ અર્થાત્ વિકૃત છે. તેનાથી રહિત અને સ્વભાવથી એકાકાર સ્વરૂપને જાણે નહિ, શ્રદ્ધા કરે નહિ કે હું પૂર્ણાનંદ સ્વરૂપ અખંડ જ્ઞાનમૂર્તિ છું અને આનંદનું આચરણ ન કરે ત્યાં સુધી કર્મબંધનથી છૂટતો નથી. માટે, આ નિશ્ચય થયો કે કર્મબંધથી છૂટવાનું કારણ એક આત્મજ્ઞાન જ છે.

આત્મા શું ચીજ છે એ ઓળખવાની જગતને દરકાર નથી અને ધર્મ કરવો છે. પણ, ધર્મ કરવાવાળો 'આત્મા' કેવો છે એ જાણ્યા વિના ધર્મ ક્યાંથી થઈ જશે! ધર્મ એટલે નિર્મળદશા–નિર્મળભાવ. આ નિર્મળભાવ ક્યાંથી આવે છે, કેમ આવે છે એ સમજ્યા વિના નિર્દોષભાવ પ્રગટ થઈ શકતો નથી. પવિત્ર–નિર્દોષ વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન વિના તેમાં એકાગ્રતા થતી નથી અને તેમાં એકાગ્રતા વિના શાંતિ અને ધર્મ પ્રગટ થતો નથી. ધર્મ કરવો છે પણ ધર્મ કરવાવાળા આત્માને–પોતાને તો ઓળખવો નથી...તેનો કાંઈ અર્થ થતો નથી. શાક

લેવા જાય અને કયું શાક લેવું, કેટલું લેવું તેની ખબર ન હોય તો શું શાક લાવે! તેમ ધર્મ કરવો છે તેને ધર્મના સ્વરૂપની ખબર હોય તો ધર્મ કરે ને!

એ જ રીતે જેમ, શાકભાજી શાકભાજીની દુકાને જ મળે, કાપડની દુકાને ન મળે તેમ, ધર્મ નામ શાંતિ–નિર્દોષતા જોઈતી હોય તો તે પોતાના આત્માની પેઢીમાંથી જ મળે, બીજી કોઈ દુકાનેથી મળે નહિ કેમ કે ભગવાન આત્મા જ નિર્દોષ અવિકારી શાંત ચૈતન્યસ્વભાવનો પિંડ છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના તેમાં સ્થિરતા થઈ શકતી નથી.

આ તો મૂળ રકમની વાત છે. અનંતકાળમાં એણે મૂળ રકમની જ ઓળખાણ કરી નથી. વસ્તુનું સાચુ જ્ઞાન જ શાંતિનું કારણ છે એ વિના કર્મનો ક્ષય પણ થતો નથી. માટે, શાસ્ત્રોનું જ્ઞાન પણ આત્માના જ્ઞાન માટે જ કરવામાં આવે છે. આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય એ વિધિ સમજવા માટે જ શાસ્ત્રનું જ્ઞાન કરવામાં આવે છે.

જેમ, દીપકથી વસ્તુને જોઈને વસ્તુ તો ઉઠાવી લઈએ છીએ અને દીપકને મૂકી દઈએ છીએ તેમ, શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ દેવાવાળા 'અધ્યાત્મશાસ્ત્ર' વડે શુદ્ધાત્મતત્ત્વને જાણીને તે શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ કરવો જોઈએ અને શાસ્ત્રનો વિકલ્પ છોડી દેવો જોઈએ. શાસ્ત્ર તો દીપકના સ્થાને છે અને આત્મવસ્તુ રત્ન સમાન છે.

આમાં એ વાત પણ આચાર્યદેવે બતાવી દીધી કે અધ્યાત્મશાસ્ત્ર જ શુદ્ધાત્માને બતાવવામાં નિમિત્ત થાય છે. જેમ, હીરાની દુકાનમાં હીરા બતાવવાવાળા ઝવેરી જ હોય, કુંભાર ન હોય તેમ, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલાં અધ્યાત્મશાસ્ત્રો જ શરીર, કર્મ અને વિકારથી ભિન્ન અને અનંત ગુણોથી અભિન્ન એવા આત્માને બતાવે છે.

સર્વજ્ઞદેવે કહેલી વાત જ સમયસાર, પ્રવચનસાર, પરમાત્મપ્રકાશ આદિ અધ્યાત્મશાસ્ત્રોમાં આચાર્યોએ લખી છે, કોઈ પોતાના ઘરની વાત લખી નથી. આત્મા શુદ્ધ છે, પવિત્ર છે, જ્ઞાનાનંદનો કંદ છે એવું આ શાસ્ત્રો બતાવે છે. વસ્તુમાં આવા ગુણો ભર્યા પડ્યાં છે તેનું જ્ઞાન કરે તેને એ સ્વભાવો પર્યાયમાં પ્રગટ થાય છે તેનું નામ અનુભવ છે. આ અનુભવ જ ચિંતામણીરત્ન છે, અનુભવ જ ચૈતન્યરસનો કુવો છે, અનુભવ જ મોક્ષનો માર્ગ છે અને અનુભવ જ મોક્ષનું સ્વરૂપ છે. અનુભવથી જ બંધનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. સમયસાર નાટકમાં બનારસીદાસજીએ અનુભવની આવી મહિમા કરી છે.

માટે, પ્રથમ શાસ્ત્રોથી કે સંતોથી કે મુનિઓ પાસેથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણી લેવું. પછી તે શાસ્ત્ર આદિનો વિકલ્પ છોડીને અનુભવ કરવો. વિકલ્પ રાખીને અનુભવ નહિ થાય.

શ્રોતા :—વિકલ્પ તો છૂટી જ જાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—વિકલ્પ છૂટી જ જાય પણ જો છોડવા માંગે તો છૂટે. વિકલ્પ રાખીને અનુભવ કરવા માગે તો અનુભવ ન થાય. જેમ મિઠાઈ લેવા જાય ત્યાં પહેલાં તો ત્રાજવા-તોલા, ભાવ આદિ બધું નક્કી કરે કે બરાબર છે કે નહિ! પછી જ મિઠાઈ લે. પણ મીઠાઈ લાવ્યા પછી ખાવા બેસે ત્યારે એ કાંઈ વિચાર કરતો નથી, તો જ મિઠાઈના સ્વાદનું વેદન થાય છે તેમ, આત્માનો અનુભવ કરતાં પહેલાં પ્રમાણથી, નયથી, ન્યાયથી, નિક્ષેપથી આત્માનું સ્વરૂપ બરાબર નક્કી કરે છે પણ અનુભવ કરતી વખતે એ કાંઈ વિચાર કરતો નથી. માટે અહીં કહ્યું કે, 'शास्त्रविकल्पस्तज्यत....' શાસ્ત્ર તો દીવા સમાન છે તેના વડે ચૈતન્યરત્નને જોઈ લેવું--લઈ લેવું અને દીવાને મૂકી દેવો કેમ કે શાસ્ત્ર કહે છે કે ભગવાન આત્મા એકલાં જ્ઞાન-દર્શનાદિ રત્નોથી ભરેલો છે તેને પ્રથમ જાણી લેવું પણ સાથે જે વિકલ્પ છે તે રાગ છે તેને છોડીને આત્માનો અનુભવ કરવો એ જ નિર્જરાનું કારણ છે. બંધને છેદવાનો ઉપાય ભગવાને આ એક જ કહ્યો છે.

એને એમ થાય છે કે અરે! અમારે સંસારના કાર્યો પણ બધાં કરવા અને તેમાંથી સમય કાઢીને આત્માને સમજવો અને તે સમજ્યા પછી પણ વિકલ્પ છોડીને અનુભવ કરવો. એટલો સમય ક્યાંથી કાઢવો! અરે! ભલા માણસ! મરણ આવીને ઊભું રહેશે ત્યારે મને સમય નથી એમ કહીશ તો મરણ તારું સાંભળશે! અત્યારે તો કેવા અકસ્માત મરણ થાય છે! દેહની ક્ષણિક સ્થિતિ પૂરી થતાં બીજા ભવમાં રખડવા ચાલ્યો જઈશ. જ્યાં સુધી આત્મજ્ઞાન-દર્શન ન કર્યા ત્યાં સુધી બંધથી છૂટવાનો અને મુક્તિ પામવાનો ઉપાય હાથ નહિ લાગે.

આ ગાથાઓ બહુ ઊંચી છે હો! શુભરાગથી ધર્મ નહિ થાય એ વાત સિદ્ધ કરે છે. ૮૨ ગાથા થઈ હવે ૮૩માં કહે છે કે શાસ્ત્ર વાંચીને પણ જે વિકલ્પને છોડતો નથી, શુદ્ધાત્માને માનતો નથી કે જે શુદ્ધાત્મદેવ દેહરૂપી દેવાલયમાં મૌજૂદ છે તેને ધ્યાવતો નથી તે મૂર્ખ છે. લાખ શાસ્ત્ર વાંચે પણ તેનો વિકલ્પ છોડીને અનુભવ ન કરે તે નિશ્ચયથી શુદ્ધાત્માને માનતો નથી.

આમ કહીને, જમ્યા વિના હાથ ધોઈ લેવા જેવી વાત નથી. પ્રથમ શાસ્ત્ર તો વાંચવા, આત્માના સ્વરૂપની વાત સાંભળવી, પછી વિચાર કરવો. ગણધરો પણ ત્રણલોકના નાથની વાણી સાંભળે છે. અંતરર્મુહૂર્તમાં બારઅંગની રચના કરનારા ગણધર પણ સાંભળે છે કેમ કે વીતરાગ ન થાય ત્યાં સુધી વિકલ્પ તો આવે છે તો ભગવાનની વાણી સાંભળે છે. તો

અજ્ઞાનીને તો પ્રથમ આત્માનું સ્વરૂપ શું, સુખ શું, દુઃખ શું, દુઃખ મટાડીને સુખી થવાનો ઉપાય શું એ સમજવાનો વિકલ્પ આવવો જ જોઈએ. શાસ્ત્ર વાંચીને, દેવ-ગુરુની વાણી સાંભળીને સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ બરાબર નક્કી કરવું જોઈએ પછી તે વિકલ્પ પણ છોડીને આત્માનો અનુભવ કરવો જોઈએ.

આત્મા પોતે ભગવાન છે અને દેહરૂપી દેવાલય છે. શુદ્ધાત્મદેવ આ દેહાલયમાં મૌજૂદ છે, તેની અંતરદૃષ્ટિ કરીને તેને ધ્યાવતો નથી તે મૂર્ખ છે. જુઓ! આચાર્યને દુનિયાની કાંઈ પડી નથી તે તો જેમ છે તેમ કહે છે કે તું આવા નિજપરમાત્માને ઓળખતો નથી તો તું મૂરખ છો. મંદિર તો વ્યવહારે દેવાલય છે, નિશ્ચય દેવાલય તો આ દેહ છે કે જેમાં પોતાનો શુદ્ધાત્મદેવ બિરાજે છે તેને ધ્યાવતો નથી એ મૂરખ છે તેમ કહે છે.

सत्थु पढंतु वि होइ जड्डु जो ण हणेइ वियप्पु।
देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु॥८३॥

અર્થ :—જે જીવ, શાસ્ત્ર ભણવા છતાં પણ વિકલ્પને દૂર કરતો નથી તે મૂર્ખ છે. જે વિકલ્પ મટાડતો નથી તે શરીરમાં રહેતાં છતાં પણ નિર્મળ પરમાત્માને શ્રદ્ધામાં લેતો નથી.

જે શાસ્ત્ર વાંચતાં જ નથી તેની તો વાત જ નથી. એ તો સંસારના ચોપડાં તપાસીને લેણાં-દેણાંનો હિસાબ બરાબર રાખે છે પણ તેમાં તો પાપ છે. એ સંસારની હોશિયારીવાળો તો મૂઢ છે જ તેની તો અહીં વાત જ નથી પણ જે ધર્મના શાસ્ત્રો વાંચે છે, નિવૃત્તિ લઈને શાસ્ત્ર ભણે છે, દુકાનમાંથી સમય કાઢીને શાસ્ત્રનો અભ્યાસ કરે છે તેને આ વીતરાગી સંતો કરુણા કરીને કહે છે કે તું શાસ્ત્ર તો ભણે છે પણ વિકલ્પ ઉઠે છે કે આત્મા આવો છે, આમ પ્રાપ્ત થાય વગેરે વિકલ્પો જ કર્યા કરે છો, વિકલ્પને તોડીને આત્માનો અનુભવ કરતો નથી તો તું મૂર્ખ છો, જડ જેવો છો.

આ ભાષા આકરી છે પણ મુનિરાજ કરુણાથી કહે છે, તિરસ્કાર કરતાં નથી. મુનિઓને જગત ઉપર કરુણા આવે છે.

પ્રશ્ન :—શાસ્ત્ર વાંચતો જ નથી તેના કરતાં શાસ્ત્ર વાંચનારો તો સારો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં સુધી આત્માને સમજે નહિ ત્યાં સુધી શાસ્ત્ર વાંચનારો પણ શું સારો! શુભ વિકલ્પથી પુણ્યબંધ થશે તે પણ આત્માની ઓળખાણ વિના પલટીને પાપ થઈ જશે. આત્માનો લાભ બિલકુલ નહિ થાય.

આત્મા ચૈતન્યસ્ફટિકની મૂર્તિ છે. દેહનું ચામડું તો તેના ઉપર ઢાંકેલું છે. ભગવાન

તો એ ચામડાથી ભિન્ન છે. મંદિરમાં ભગવાન છે તે તો સ્થાપના નિક્ષેપ છે. સાક્ષાત્ ભગવાન ત્યાં નથી. સ્થાપનાની ભક્તિ–પૂજાથી શુભભાવ થાય છે પણ સાક્ષાત્ ભગવાન તો આ આત્મા પોતે છે તેની ઓળખાણથી ધર્મ થાય છે. મંદિરમાં સ્થાપના કરેલાં સાક્ષાત્ સીમંધર ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે તે તો અહીંથી બહુ દૂર છે. મહાવિદેહ પણ પાંચ છે. એક મહાવિદેહ તો અહીં જંબૂદ્વીપમાં છે, બે મહાવિદેહ ધાતકીખંડમાં છે અને બે મહાવિદેહ પુષ્કરદ્વીપમાં છે. આ પાંચમાં કુલ વીસ ભગવાન હાલ બિરાજમાન છે પણ બહુ દૂર છે. જેમ, મહાવીરભગવાન અહીં ભરતક્ષેત્રમાં સમવશરણ સહિત બિરાજમાન હતાં તેમ, આ વીસેય ભગવાન વર્તમાનમાં વિહરમાન છે. મનુષ્યદેહમાં અહીં મધ્યલોકમાં જ છે. કેવળજ્ઞાન સહિત અર્હતુદશામાં છે. મોક્ષ જવાને હજુ વાર છે. સિદ્ધ નથી થયાં. શરીર છૂટશે ત્યારે સિદ્ધ થશે.

ઘરમાં કેટલાં ગાદલાં, ગોદડાં, ઘરવખરી છે તે ખબર હોય, પૈસા કેટલાં છે તે ખબર રાખે પણ આ આત્માની કે ભગવાનની ખબર નથી.

શ્રોતા :—પૈસા છે તેથી તો અહીં નિરાંતે રહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—તો શું એ પૈસાની હુંફથી અહીં બેઠા છો? આજીવિકાનું સાધન છે તો નિવૃત્તિ લઈને આ શાસ્ત્રોનું શ્રવણ કરવું, સમજવું અને અંતે તે વિકલ્પ તોડીને અનુભવ કરશો તો બંધનથી છૂટશો. અનુભવ વિના સિદ્ધિ નથી. વિકારથી છૂટો નહિ પડે ત્યાં સુધી મિથ્યાત્વ, અવ્રત, કષાયના બંધનથી જીવ છૂટી શકતો નથી.

ગાથા બહુ સરસ છે. सत्थु पढंतु वि होइ जड्डु....આચાર્યદેવ સખત ભાષામાં કહે છે. આચાર્યદેવ તો વનમાં આત્માના આનંદમાં મસ્ત છે, જરાં શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવે છે અને લખાઈ જાય છે પણ કર્તા બનતાં નથી. એવા સંતો કહે છે કે અરે! તું શાસ્ત્ર ભણીને પણ પરસન્મુખનો વિકલ્પ છોડીને સ્વસન્મુખ થઈને અનુભવ કરતો નથી તો તું જડ છે–મૂર્ખ છે. શાસ્ત્રનું આટલું જાણપણું હોય તોપણ મૂરખ કહે છે. કેટલી કરુણા છે! પિતાજી પોતાના પુત્રને કહે કે, 'અરે! પાગલ છો, સમજતો નથી?' એમાં પુત્રનો તિરસ્કાર નથી, પ્રેમ છે–કરૂણા છે તેમ, મુનિઓની આ કરુણા છે.

સંસારના પાપપરિણામમાં પડેલાં જીવોની તો વાત જ નથી પણ પૂજા–વ્રતાદિની શુભક્રિયામાં પડેલાંને પણ કહેતાં નથી. અહીં તો જેને શાસ્ત્ર સમજવાનો રસ છે, સમય કાઢીને શાસ્ત્ર વાંચે છે, સાંભળે છે તેને આચાર્યદેવ કહે છે કે, દેહમાં વસતાં આ નિર્મળ પરમાત્માને તું તારાં શ્રદ્ધા–જ્ઞાનમાં લે, તેનો અનુભવ કર એ શાસ્ત્ર ભણવાનું પ્રયોજન છે.

સ્વસન્મુખ નહિ થતાં માત્ર શાસ્ત્ર સંબંધી વિકલ્પ જ કર્યા કરે છે તો તું મૂરખ છે.

વિકલ્પ તૂટ્યા વિના ક્ષાયિક સમકિત તો નહિ પણ ઉપશમ સમ્યક્ત્વ પણ થતું નથી. પાઠ જુઓ! નામું મેળવો છો તેમ શાસ્ત્રના શબ્દો અને ભાવનું મિલાન કરો. આચાર્ય મહારાજ જેને શાસ્ત્ર સમજવાની પણ દરકાર નથી તેની તો વાત જ નથી કરતાં કેમકે તેની પાસે તો સમજવાનો વિકલ્પ પણ નથી. બીજો શુભરાગ પડ્યો છે તેનાથી તેને પુણ્યબંધ થઈ જશે–સ્વર્ગાદિ ગતિ મળી જશે પણ તેના જન્મ–મરણનો અંત નહિ થાય. ચારગતિમાં રખડશે. અહીં તો જેને શાસ્ત્ર ભણવાનો રસ છે, નિવૃત્તિ લઈને શાસ્ત્ર વાંચે છે તેને કહે છે કે એ રાગને પણ છોડીને સ્વભાવનું અવલંબન નહિ લે ત્યાં સુધી તને ધર્મપ્રાપ્તિ નહિ થાય. દેહમાં બિરાજમાન શુદ્ધાત્માને માનતો નથી, ધ્યાવતો નથી ત્યાં સુધી તે પણ મૂરખ છે, જ્ઞાની નથી. શબ્દો ભારે લીધાં છે.

ભાવાર્થ :—શાસ્ત્ર અભ્યાસનું ફળ તો એ છે કે રાગાદિ વિકલ્પોને દૂર કરવા અને નિજશુદ્ધાત્માને ધ્યાવવો. શાસ્ત્ર આમ કહે છે....જ્ઞાની એમ કહે છે અને કેવળી પણ આમ જ કહે છે કે ભાઈ! તમારો આત્મા દેહ દેવાલયમાં બિરાજમાન છે તેનો અનુભવ કરો. શાસ્ત્ર ભણીને તમારે આ કરવાનું છે. શાસ્ત્ર સંબંધી અને અમારા સંબંધી વિકલ્પ છોડીને આત્માનો અનુભવ કરો એ શાસ્ત્ર ભણવાનું પ્રયોજન છે. શાસ્ત્ર ભણતરનું ફળ પણ તે છે.

જ્યાં સુધી વિકલ્પમાં એકત્વ કરે અને સ્વભાવમાં એકત્વ ન કરે ત્યાં સુધી આત્માના દર્શન થતાં નથી. તેથી શાસ્ત્ર અને સદ્ગુરુ અને ભગવાન પરમેશ્વર એમ કહે છે કે શાસ્ત્રાદિ ભણીને પછી તેનો પણ વિકલ્પ છોડીને, અંતરમાં દૃષ્ટિ કરીને આત્માનું ધ્યાન કરો. જો અંતરદૃષ્ટિ નહિ કરો તો શાસ્ત્ર ભણતર બધું નિરર્થક છે. આ અસ્થિરતાના વિકલ્પની વાત નથી, મિથ્યાત્વ સંબંધી વિકલ્પની વાત છે. શાસ્ત્ર ભણવામાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ તોડીને સમકિત લાવવા માટેની આ વાત છે. ભગવાન આત્મામાં દૃષ્ટિ લગાવે તો સમકિત થાય. માટે સર્વ શાસ્ત્રો, મુનિઓ, ભગવંતો બધાનું એ કહેવું છે કે નિજ શુદ્ધાત્મામાં દૃષ્ટિ કરો. એ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ૧૧ અંગ અને ૯ પૂર્વ ભણી જાઓ તો પણ રાગમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

....માટે આ વ્યાખ્યાનને જાણીને ત્રણગુપ્તિમાં અચલ થઈ, પરમ સમાધિમાં આરૂઢ થઈ, નિજસ્વરૂપનું ધ્યાન કરવું. વિકલ્પથી રહિત થાય ત્યાં મનની ગુપ્તિ થઈ ગઈ અને જ્યાં મનગુપ્તિ છે ત્યાં વાણીથી અને કાયાથી તો ગુપ્તિ હોય જ. આમ એકસાથે ત્રણેયગુપ્તિપૂર્વક પરમસમાધિ કર! મને શરીરમાં ઠીક નથી પડતું એવું લક્ષ ન કર! વાણીનું

લક્ષ છોડી દે અને ભણવા આદિનો વિકલ્પ પણ છોડીને આત્મામાં દૃષ્ટિ લગાવી દે! તેનું નામ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્ર કહે છે કે આત્મા શુદ્ધ છે-પવિત્ર છે....એવો વિકલ્પ ઉઠે છે તે પણ છોડીને સ્વરૂપમાં ગુપ્ત થાય છે ત્યાં ત્રણેયગુપ્તિ થઈ જાય છે.

ભાઈ! આ તો પરમાનંદમૂર્તિની વાત છે તે કાંઈ સાધારણ ન હોય. પૈસા તો પુણ્યથી મળે છે છતાં તેને માટે કેટલી મજુરી કરે છે! ચોવીશ કલાકમાંથી ૧૮-૧૮ કલાક મહેનત કરે.....છતાં પૈસા તો પુણ્યના કારણે મળે, કાંઈ પરિશ્રમથી મળતાં નથી પણ આ આત્માના દર્શન તો પુરુષાર્થથી થાય છે તેમાં કાંઈ પુણ્યકર્મ કામ આવતાં નથી. પુણ્યકર્મના ફળમાં તો બાહ્યસામગ્રી મળે. પાપના ફળમાં નિર્ધનતા રહે એ બધું ફળ બાહ્યમાં આવે છે. આત્માના ધર્મ માટે કર્મના ફળની બિલકુલ જરૂર નથી.

જેના ફળમાં સાદિ અનંત મુક્તિના ફળ મળે છે એવા સમકિતની કેટલી કિંમત છે! સાદિ અનંત અનંત સમાધિ સુખનું કાર્ય આપનાર કારણ પણ કેવું હોય! રાગમાં એકત્વબુદ્ધિ છોડીને, સ્વભાવના મહિમાપૂર્વક વીર્યનો ઉલ્લાસ સ્વભાવ તરફ લઈ જઈને સ્વભાવનો સ્પર્શ કરવો. વિકલ્પ રાખીને સ્વભાવનો સ્પર્શ નહિ થાય માટે ૮૩ ગાથાથી 'વિકલ્પ તોડવાથી સમ્યગ્દર્શન થશે' એવા કથનની શરૂઆત કરી છે.

અરે! જગતના પ્રાણીને માંડ આ અવસર મળ્યો છે. મનુષ્યદેહ કેટલો કાળ રહેવાનો છે! ૫૦-૬૦ વર્ષ જેને થઈ ગયા છે તેને હવે એટલાં વર્ષ તો દેહ રહેવાનો નથી. ક્ષણમાં ફૂ થઈ જશે-હાર્ટફેઈલ થઈ જશે. આરામથી બેઠા હોય અને અચાનક હાર્ટ બંધ પડી જાય અને જીવ ચાલ્યો જાય ત્યાં તેને કોઈ ધનાદિ રોકી શકશે નહિ. દેહની સ્થિતિ ક્યારે છૂટી જશે તે કોઈને ખબર નથી માટે પહેલાં જ પોતાનું કામ કરી લેવું જોઈએ. અજ્ઞાનમાં મુંઝાઈને આપઘાત પણ કરે છે ને! એવા મરણ પણ જીવે અનંતવાર કર્યા છે. એક અખંડાનંદ પ્રભુના રાગરહિત થઈને સમ્યક્દર્શન કર્યા વિના તેનું પરિભ્રમણ કદી મટવાનું નથી.

આત્મા શાંતિ....શાંતિ....શાંતિનું ધામ છે તેમાં સમાધિ લગાવવી. બાવા લોકો સમાધિ લગાવે છે એ નહિ. આ તો અખંડાનંદ પ્રભુ આત્મામાં દૃષ્ટિ સ્થાપીને એકાગ્ર થવું તેનું નામ પરમસમાધિ છે, તેમાં પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું. ભગવાનના સ્વરૂપનો વિચાર કરવો એ પણ વિકલ્પ છે તેનાથી પણ છૂટી સ્વરૂપનું ધ્યાન કરવું એ સર્વશાસ્ત્ર ભણવાનું ફળ છે. તેનાથી જ આત્માને નિર્જરા અને મુક્તિ થાય છે. *(ક્રમશઃ)*

❀ ❀ ❀

# સિદ્ધમાં અને મારામાં ફેર નથી

(મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

## (૧) ગ્રંથ અને ગ્રંથકર્તા

આ ગ્રંથ મોક્ષનો માર્ગ કે જે અનાદિથી જીવોએ જાણ્યો નથી તેનો પ્રકાશ કરનાર છે. પંડિતપ્રવર શ્રી ટોડરમલ્લજીએ આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં હજારો સત્શાસ્ત્રોનું દોહન કરીને આચાર્યોના કથનનું રહસ્ય ઉતાર્યું છે.

## (૨) સિદ્ધ ભગવાનની ઓળખાણથી ભેદવિજ્ઞાન

સિદ્ધ ભગવાનના સ્વરૂપને જે જીવ ઓળખે છે તે વિજ્ઞાનરૂપ થાય છે અર્થાત્ તેને ભેદવિજ્ઞાન થાય છે. તે કેવી રીતે થાય છે? કે જ્યારે જીવ સિદ્ધભગવાનને ઓળખે છે ત્યારે તેને એવી ભાવના થાય છે કે અહો! આ સિદ્ધભગવાન સંપૂર્ણ સુખી છે, તેમનું જ્ઞાન પણ પરિપૂર્ણ છે, તેમને રાગ-દ્વેષ નથી, કર્મ નથી, શરીર નથી; સિદ્ધભગવાન આત્મા છે અને હું પણ આત્મા છું, સ્વભાવ અપેક્ષાએ સિદ્ધમાં અને મારામાં ફેર નથી. સિદ્ધભગવાનની જેમ હું મારા સ્વભાવથી પરિપૂર્ણ છું. સિદ્ધના સ્વરૂપમાં રાગ-દ્વેષ, કર્મ કે શરીર નથી, તેમ મારા સ્વરૂપમાં પણ રાગ-દ્વેષ, કર્મ કે શરીર નથી, સિદ્ધને પુણ્ય-પાપના ભાવ નથી તેમ મારે પણ વર્તમાન જે પુણ્ય-પાપભાવ થાય છે તે મારા સ્વભાવભાવ નથી પણ ઉપાધિભાવ છે. જે સિદ્ધને નહિ તે મારે પણ નહિ. આત્માનો સ્વભાવભાવ શુદ્ધ પવિત્ર છે, તે ભાવ વડે રાગાદિ ઉપાધિ ભાવોને સિદ્ધ ભગવાને ટાળ્યા છે અને સ્વદ્રવ્યની સ્થિરતાવડે પર દ્રવ્યનું અહમ્‌પણું ટાળ્યું છે, સિદ્ધના આત્મામાંથી જે ટળી ગયું તે બધું મારા આત્મામાંથી પણ ટળવા યોગ્ય જ છે અને સિદ્ધ સમાન એકલો શુદ્ધસ્વભાવભાવ રહેવા યોગ્ય છે. આ રીતે સિદ્ધસ્વરૂપના જ્ઞાન અને ધ્યાનવડે ભવ્ય જીવોને સ્વભાવ અને પરભાવનું ભેદજ્ઞાન થાય છે; માટે શ્રી સિદ્ધભગવંતો મંગળરૂપ છે, તેમને અમારા નમસ્કાર હો. સિદ્ધ તેવો હું અને હું તેવા સિદ્ધ—એમ સિદ્ધભગવાન શુદ્ધ આત્મસ્વરૂપને દર્શાવવા માટે પ્રતિબિંબ સમાન છે.

## (૩) મંગળ કોણ છે?

પ્રશ્ન :–મોક્ષમાર્ગ પ્રકાશકની શરૂઆત કરતાં પંચ પરમેષ્ઠીને માંગળિકસ્વરૂપ કહ્યા, પણ પંચપરમેષ્ઠીઓ તો પર દ્રવ્ય છે, જો પર દ્રવ્યને માંગળિક કહેશો તો નિમિત્તનું જોર આવશે?

ઉત્તર:–પંચ પરમેષ્ઠીઓને માંગલિક તરીકે કહ્યા, તેમાં નિમિત્તનું જોર આપવું નથી પણ પંચપરમેષ્ઠીઓને યથાર્થપણે ઓળખીને તેને સ્મરણમાં લેનાર જે પોતાનું જ્ઞાન છે, તે જ્ઞાન જ પરમ માંગલિક છે. તેથી ખરેખર જ્ઞાનસ્વભાવનું જ જોર છે. પંચપરમેષ્ઠીઓ પોતપોતાને માટે માંગલિકરૂપ છે અને આ આત્માને માટે પોતાનો નિર્મળભાવ માંગલિકરૂપ છે. પંચપરમેષ્ઠીઓની ઓળખાણ અને સ્મરણ કરતાં પોતાના ભાવમાં તીવ્ર કષાય ટળીને નિર્મળતા થાય છે તે જ મંગળ છે.

## (૪) માંગલિક

આત્મામાં કેવળજ્ઞાન પ્રગટે તે જ સુપ્રભાત છે અને તે જ આત્માનું માંગલિક છે. આત્માના પૂર્ણ સ્વભાવ કેવળજ્ઞાનને ઓળખીને તેનો જેને મહિમા આવે છે તેને વિકારનો અને પરનો મહિમા ટળે છે–તે જ મંગળ છે.

આત્મા પોતે સહજસ્વરૂપે દ્રષ્ટિ, જ્ઞાન, આનંદ, પુરુષાર્થ વગેરેથી સંપૂર્ણ સ્વભાવસંપદાનું મંદિર છે. આત્માને પોતાના શ્રદ્ધા–જ્ઞાન–સુખ વગેરે માટે બહારની કોઈ લક્ષ્મીની જરૂર નથી, પણ પોતે જ સ્વભાવની પૂર્ણ લક્ષ્મીનું વીતરાગી–મંદિર છે. આત્માનું સ્વરૂપ જ્ઞાન–આનંદથી તાદાત્મ્યરૂપ છે, તે કદી જ્ઞાન–આનંદ સ્વભાવથી છૂટતો નથી. પોતાના સંપૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવની દ્રષ્ટિ અને લીનતાથી જે સત્પુરુષોને કેવળજ્ઞાન અને અનંત સુખ પ્રગટ્યું તેઓના આત્મામાં સુપ્રભાત પ્રગટ્યું અને સાદિ અનંતકાળ મંગળ વર્ષ બેઠું. એવા શ્રી જિનેન્દ્ર ભગવંતોને ભક્તિપૂર્વક અમારા નમસ્કાર હો.

## (૫) સત્શાસ્ત્રોનું સ્વરૂપ

" જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે તે જ આગમ વાંચવા–સાંભળવા યોગ્ય છે, કારણ કે સંસારમાં જીવ અનેક પ્રકારનાં દુઃખોથી પીડિત છે. જો શાસ્ત્રરૂપી દીપક વડે તે મોક્ષમાર્ગને પામે તો તે મોક્ષમાર્ગમાં ગમન કરી એ દુઃખોથી મુક્ત થાય. હવે મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ-મોહ ભાવોનો નિષેધ કરી વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા–સાંભળવા યોગ્ય છે."

*(મોક્ષમાર્ગ પ્રકાશક પાનું-૧૫)*

## સત્શાસ્ત્રોનું પ્રયોજન વીતરાગભાવ પોષવાનું જ છે

સત્શાસ્ત્રોમાં ગમે તે વાત કરી હોય પણ તેમાં રાગ–દ્વેષ–મોહ મટાડવાનું અને

વીતરાગભાવને પોષવાનું જ પ્રયોજન છે. ભક્તિ, શાસ્ત્રશ્રવણ, દાન ઇત્યાદિ કરવાની વાત કરી હોય ત્યાં પણ તેમાં જે રાગ છે તેનો તો નિષેધ જ કર્યો છે. દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ વગેરેમાં શુભરાગ હોય છે પરંતુ તેમાં કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ પ્રત્યેના રાગનો પહેલે જ ધડાકે નિષેધ આવે છે, તેથી ત્યાં પણ રાગ ટાળવાનું પ્રયોજન સિદ્ધ થાય છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, પૂજા વગેરેનું કથન હોય ત્યાં વીતરાગી સ્વરૂપની દૃષ્ટિપૂર્વક જે અશુભરાગ ટળ્યો તે પ્રયોજન છે, પણ જે શુભરાગ રહ્યો છે તેનું પ્રયોજન નથી, તેનો તો નિષેધ છે.

સત્શાસ્ત્ર વાંચતાં શુભરાગ હોય છે પણ શાસ્ત્રોનું પ્રયોજન તો એ બતાવવાનું છે કે આ શુભરાગ પણ આત્માનું સ્વરૂપ નથી તેથી તે પણ રાખવા જેવો નથી. સ્વરૂપની દૃષ્ટિ સહિતના શુભભાવ હોય તે અશુભભાવથી બચાવે છે તેથી તેના વડે વીતરાગભાવરૂપ પ્રયોજન અંશે સિદ્ધ થાય છે. કોઈ પણ જાતનો રાગ રાખવાનું શાસ્ત્રો બતાવતાં નથી પણ કોઈને કોઈ પ્રકારે રાગ ટાળવાનું જ શાસ્ત્રો બતાવે છે. શાસ્ત્રો આત્માની સ્વતંત્રતા બતાવે છે કે તું સ્વતંત્ર છો, તારાથી તું પરિપૂર્ણ છો, અમારું અવલંબન પણ તને નથી. એ રીતે શાસ્ત્રો આત્માની સ્વતંત્રતા બતાવીને મોહ તથા રાગ-દ્વેષ છોડાવે છે. જેટલો રાગ ઘટીને વીતરાગભાવ થયો તેટલું પ્રયોજન સધાયું છે અને જે રાગ રહ્યો તે રાખવા જેવો નથી.

જેમાં કોઈ પણ પ્રકારે રાગ કરવાનું પ્રયોજન બતાવ્યું હોય તે સત્શાસ્ત્ર નથી. સત્શાસ્ત્રો કોઈ પણ પ્રકારે રાગ કરવાનું પ્રયોજન કહે જ નહિ. *(ક્રમશઃ)*

❀

જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. *—પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.*

સમાધાન :—આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી. એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી? શું મારા નિર્ણયમાં ખામી છે? છે શું? એમ વિચારો આવે. આ જ કરવા જેવું છે એમ ભાવના હતી ને! એટલે એવા જ વિચારો આવ્યા કરતા હતા. હજી કેમ પુરુષાર્થ ઊપડતો નથી? શું હજી ક્યાંક રુચિ છે? હજી કેમ અરેરાટી થતી નથી? એવા વિચારો પુરુષાર્થની તીવ્રતા માટે આવ્યા જ કરતા હતા.

ગુરુદેવ કહેતા હતા કે સ્વાનુભૂતિમાં પેલીપાર આત્મા બિરાજે છે, નિર્વિકલ્પ દશા બધાથી જુદી છે. જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ, છતાં પણ ગુરુદેવ નિર્વિકલ્પ દશાને સ્વાનુભૂતિ કહે છે અને તે મુક્તિનો માર્ગ છે; તથા આત્મા જુદો છે તેમ કહે છે. એવી જાતનું પકડાણું હતું.

બધું (કરાંચી) છોડ્યું, હવે શું કરવાનું છે? જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. અંતરમાં જે વિકલ્પની માળા છે તે પણ આકુળતા છે, તેનાથી છૂટવું તે જ ખરો માર્ગ છે. આ જે વિભાવની એક પછી એક ઘટમાળ ચાલે છે તેનાથી આત્મા જુદો છે, તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે. આ બધાથી (અન્ય મતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી એમ નક્કી થઈ ગયું કે આ જ માર્ગ છે, ગુરુદેવે કહ્યું તે આ જ છે.

*પ્રશ્ન :—નિર્વિકલ્પ દશા પ્રગટ કરવાની કોઈ વિદ્યા-કળા હોય તો કૃપા કરી સમજાવો.*

સમાધાન :—ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, કે જે ભેદજ્ઞાનની પાછળ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય. તે પ્રયત્ન તો પોતાને જ કરવાનો રહે છે. તે ભેદજ્ઞાન માત્ર ધારણા પૂરતું નહિ, પણ અંતરમાંથી ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય (આ સવિકલ્પ ભેદજ્ઞાનધારાની વાત છે, જે સમ્યગ્દર્શન પૂર્વે પ્રયત્નથી પ્રગટ થાય છે) અને તે પછી પોતે તેને ટકાવે કે આ શરીર ને વિભાવ પર્યાય તે હું નથી, હું તો ચૈતન્ય જ્ઞાયક છું. દરેક

શુભાશુભ ભાવોની અંદર હું જુદો જ છું, એવી જાતની અંદર સહજ ધારા પ્રગટ થાય તે કરવાનું તેના હાથમાં છે. આવી સહજ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે તો તેની પાછળ નિર્વિકલ્પ દશા આવે છે. ભેદજ્ઞાનની ધારાની ઉગ્રતા થતાં, જ્ઞાતાધારાની ઉગ્રતા થવાથી ને ઉપયોગની તીક્ષ્ણતા થવાથી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે–સ્વાનુભૂતિ થાય છે.

વર્તમાનમાં પોતે આવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરી શકે છે. પહેલાં તેને વિકલ્પરૂપ હોય પણ સહજ ધારા જો પ્રગટ થાય તો તે સહજધારાની, જ્ઞાતાધારાની ઉગ્રતા પાછળ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. આ જ્ઞાતાધારાની ઉગ્રતાને સહજપણે કરવામાં તેને પ્રયત્ન જોઈએ છે.

અનાદિનો અભ્યાસ છે એટલે તેને વારંવાર એકતાબુદ્ધિ થઈ જાય છે. તે એકતાબુદ્ધિમાંથી છૂટા પડવા પ્રથમ વિકલ્પરૂપે આ જુદો–આ જુદો તેમ કર્યા કરે તો તે પાછળથી અભ્યાસરૂપે થાય છે. (આમ અભ્યાસ થતાં) જો સહજધારા પ્રગટ થાય તો તેની પાછળ નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. તેણે દ્રવ્ય પર દૃષ્ટિ કરી જ્ઞાતાધારાની ઉગ્રતા કરવી કે હું "જ્ઞાયક છું".....“જ્ઞાયક છું”.....“જ્ઞાયક છું.” જે જે વિકલ્પ આવે તે કાળે પણ હું જ્ઞાયક છું એમ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરે તો સહજરૂપે તેને ભેદજ્ઞાન થાય. નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવાનો આ એક જ માર્ગ છે. ભેદજ્ઞાનની ધારાની ઉગ્રતા થતાં જ્ઞાતાધારાની ઉગ્રતા થવાથી નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. કોઈને પુરુષાર્થમાં મંદતા રહી જાય તો નિર્વિકલ્પ દશા થતાં વાર લાગે છે અને કોઈને સહજધારા થઈને અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ દશા થઈ જાય તે જુદી વાત છે. ઘણાને તો અભ્યાસ કરતાં કરતાં થાય છે.

પોતે સ્વભાવથી સ્ફટિક જેવો નિર્મળ ચૈતન્ય છે. તેને ક્યાંય ગોતવા જવો પડે તેવો નથી. સહજ પોતે જ છે. પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી પરની એકત્વબુદ્ધિમાં તેની પરિણતિ જાય છે તેને તોડી આ બધું જુદું છે તેમ નક્કી કરે તો તેનાથી જુદો પડે. વિભાવની ધારા ઊભી છે પણ તે જુદી અને હું જુદો એવી જો ધારા પ્રગટ થાય તો તેની પાછળ નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. તેનો માર્ગ એક જ છે. આમ પોતે પોતાને યથાર્થ જાણી તેમાં પરિણતિ યથાર્થ કરે (–સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે) અને લીનતા કરે તે જ કરવા જેવું છે.

*પ્રશ્ન :—દ્રવ્ય ને પર્યાય વચ્ચે કોઈ સાંધ છે કે આ દ્રવ્ય-પર્યાયનું જોડકું અને તેમાંથી દ્રવ્યને છૂટું પાડીને ગ્રહણ કરી શકાય?*

**સમાધાન :**—દ્રવ્ય પોતે શાશ્વત છે, તેમાં દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. વિભાવ પર્યાય તો દેખીતી રીતે આકુળતારૂપ છે; અને જે શુદ્ધ પર્યાય છે તે અત્યારે પ્રગટ નથી. શુદ્ધ

પર્યાય ક્યાં પ્રગટ છે? દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે તેને ગ્રહણ કરવાનું છે. જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં અંશે શુદ્ધ પર્યાય તો તેની સાથે સાથે જ પ્રગટે છે. તે કાળે સાથે રહેલું જ્ઞાન જાણે છે કે આ જે વિભાવ પર્યાય છે તે હું નથી. આ જ્ઞાયક તે હું છું અને શુદ્ધ પર્યાય જેટલો પણ હું નથી. ચૈતન્યને ગ્રહણ કર્યો તેમાં પર્યાય અને દ્રવ્યનું બધું જ્ઞાન સાથે આવી જાય છે. કોઈને કાંઈ છૂટા પાડવા પડતા નથી, કારણ કે વિભાવ પર્યાય તો મલિન જ છે. પોતે પોતાને ગ્રહણ કરે ત્યાં વિભાવ પર્યાય તો જુદી જ રહે છે અને સ્વભાવ પર્યાય તો એની સાથે સાથે પ્રગટ થઈ રહી છે. તેને છૂટી ક્યાં પાડવી છે? એક અખંડ દ્રવ્યને ગ્રહણ કર્યું ત્યાં વચ્ચે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય જ છે. તેમાં જીવને રોકાવાનું ક્યાં છે? શુદ્ધ પર્યાયનું અંશે શાંતિરૂપે વેદન થાય છે, તેને કાંઈ ગ્રહણ કરવાનું નથી. તે જાણવામાં અને વેદનમાં આવે છે.

*પ્રશ્ન :—બધા જીવોમાં એટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તત્ત્વજ્ઞાન પામી શકે. શુભ ભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે, તેમાં તત્ત્વજ્ઞાન મેળવે અને મોક્ષે જાય એવી ભાવના કરવી યોગ્ય છે?*

સમાધાન :—આ ભવમાં પુરુષાર્થ ન કરવો અને બીજા ભવમાં કરશું એવો વાયદો કરવા જેવો નથી. પોતે ક્રિયામાં પડ્યો હતો અને જે શુભભાવથી ખરેખર પુણ્ય બંધાય તેમાં ધર્મ માન્યો હતો. શુભભાવની ક્રિયાથી ધર્મ થાય તેમ માનતો હતો તેના બદલે તે બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો. જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ કોઈ જુદાં છે—અપૂર્વ છે એમ બતાવ્યું તેમનો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે. છતાં ત્યાં સુધી ન પહોંચી શકાય તો તેની ભાવના, તેનું રટણ, તેના સંસ્કાર, વારંવાર એનું ચિંતવન કરે. આવો મનુષ્યભવ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ, લાંબું આયુષ્ય તથા આવા ગુરુનો સંયોગ મળવો તે એક પછી એક દુર્લભ છે. તે બધું વર્તમાનમાં મળી ચૂક્યું છે.

શાસ્ત્રમાં ટોડરમલ્લજી કહે છે કે "સબ અવસર આ ચૂકા હૈ." તું તારું કરી લે. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે. એ પ્રાપ્ત ન થઈ શકે તો આત્મા કોઈ અપૂર્વ છે તેના સંસ્કાર પાડવા, અપૂર્વ આત્માની રુચિ કરવી, ભાવના કરવી, ચિંતવન કરવું, આત્માને એકને મુખ્ય રાખવો અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા—એટલું તો જીવ કરી શકે છે, અંતરમાં તેટલો પલટો કરી શકે છે.

❀ ❀ ❀ ❀

[તા. ૧૦૧૨૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી 'કળશ-ટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન :—**આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, મંગળવાર, તા. ૪-૧-૨૦૦૫ના દિવસે છે. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક સંપન્ન કરવામાં આવશે.

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૪, શુક્રવારથી તા. ૨-૧-૨૦૦૫, રવિવાર —૧૦ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થિયોને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે.

આ દિવસોમાં તા. ૨૬-૧૨-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધી શ્રી કહાન-પુષ્પ પરિવાર આયોજિત ચતુર્થ 'અધ્યાત્મ જ્ઞાન શિબિર' અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાખેલ છે. સર્વે મુમુક્ષુઓને પોતાના બાળકોને આ 'આધ્યાત્મિક જ્ઞાન શિબિર'માં મોકલવા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનો સાગ્રહ અનુરોધ છે.

❀

ગુજરાતપ્રાન્તના સૌરાષ્ટ્રપ્રદેશના પ્રસિદ્ધનગર જામનગરમાં

## વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીના નૂતન દિગંબર જિનમંદિરનો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

(તા. ૬ ૨ ૨૦૦૫ થી તા. ૧૩ ૨ ૨૦૦૫)

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન છે કે સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મ-માર્ગના સ્વર્ણિમ યુગપ્રવર્તક આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા સ્વાનુભવવિભૂષિત વિશિષ્ટોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય ધર્મોપકાર-પ્રતાપથી, તથા આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની પરમાગમ-અનુવાદરૂપ ઉપકાર-છાયામાં, ગુજરાતપ્રાંતના સૌરાષ્ટ્રપ્રદેશની પ્રસિદ્ધનગરી જામનગરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમલથી પ્રતિષ્ઠિત શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરથી શહેરના દૂરવર્તી વિભાગમાં નિવાસ કરવાવાળા મુમુક્ષુઓ જિનેન્દ્ર દર્શન-પૂજનનો નિયમિત લાભ લઈ શકે એવા પાવન હેતુથી, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના પરમોપકારી વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનના દિગંબર જિનમંદિરના નવનિર્માણ તથા તેમાં પ્રતિષ્ઠેય વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનું અમારા મુમુક્ષુમંડળ દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યું છે.

આ ભવ્ય મંગલમયી પ્રતિષ્ઠાનું આયોજન આગામી પોષ વદ ૧૨, રવિવાર, તા. ૬-૨-૨૦૦૫ થી માઘ સુદ ૫, રવિવાર, તા. ૧૩-૨-૨૦૦૫ સુધી કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની પ્રસિદ્ધનગરી જામનગરમાં આ ભવ્ય જિનમંદિરમાં પ્રતિષ્ઠેય વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની પંચકલ્યાણક પ્રતિષ્ઠાની મંગલ વિધિના શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ ભાઈ બહેનોને જામનગર પધારવા માટે અમારા મુમુક્ષુ મંડળ તરફથી અતિ ભાવભીનું હાર્દિક નિમંત્રણ છે.

*નિમંત્રક—*

*શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, જામનગર (સૌરાષ્ટ્ર),*

*અધ્યક્ષ—બિપિનચંદ્ર ત્રંબકલાલ વાધર*

## વૈરાગ્યસમાચાર :—

અમદાવાદનિવાસી સ્વ. શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવીના ધર્મપત્ની શ્રી ધીરજબેન (વર્ષ-૮૪) તા. ૨૧-૭-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હોઈને ઘણો જ તત્ત્વ લાભ લીધો હતો.

વઢવાણનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી ભદ્રેશભાઈ રમણીકલાલ દોશી (વર્ષ-૪૬) તા. ૧૮-૯-૨૦૦૪ના રોજ ઓચિંતા હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘાટકોપર મુમુક્ષુમંડળના સહસેક્રેટરી તરીકે ઘણા ઉત્સાહથી સેવા આપી હતી.

રાજકોટનિવાસી (હાલ-ભાવનગર) શ્રી દિનેશચંદ્ર વ્રજલાલ મહેતા (વર્ષ-૫૫) તા. ૨-૧૦-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૪૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

બોટાદનિવાસી શ્રી દલીચંદ સોમચંદ ડગલી (વર્ષ-૯૦) તા. ૨૮-૧૦-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી શ્રી દલીચંદ સોમચંદ ડગલીના ધર્મપત્ની શાંતાબેન (વર્ષ-૮૪) તા. ૮-૧૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) શ્રી નગીનદાસ કેશવલાલ શાહ (વર્ષ-૭૬) તા. ૩૦-૧૦-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાહોદનિવાસી શ્રી બાબુભાઈ શરાફના ધર્મપત્ની નિર્મલાબેન (વર્ષ-૬૮) તા. ૧-૧૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલોલનિવાસી મંજુલાબેન રતનચંદ શાહ તા. ૧૦-૧૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-વાપી) શ્રી દલીચંદભાઈ ભવાનભાઈ શાહ (વર્ષ-૮૦) રાજકોટમાં તા. ૨૧-૧૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી (હાલ-ગૌહતી) શ્રી બળવંતરાય વાલજીભાઈ મહેતા (વર્ષ-૭૭) તા. ૨-૧૨-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગૌહતી મુમુક્ષુ મંડળના સ્થાપક તથા પ્રમુખ હતા. તેઓને સોનગઢ રહેવાની ઘણી ભાવના હતી.

વિસાવદરનિવાસી પ્રફુલાબેન પ્રવિણચંદ્ર ઠોસાણી (વર્ષ-૬૨) તા. ૨૦-૧૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ ❀ ❀

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે. પરમાત્મા તારી પાસે જ છે. અરે! તું જ પરમાત્મા છો. એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો? સંતોએ મારગ સહેલો કરી દીધો છે, તું છો ત્યાં જા! તું નથી ત્યાંથી ખસી જા! ૩૩૭.

❀ પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી, કેમ કે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી. માટે હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ! અસ્તિપણે સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસ વડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ....અમાપ આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ, પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ જ નથી. ૩૩૮.

❀ આહાહા! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય યોગ્યતા અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. તે થવા કાળે બાહ્ય ચીજને નિમિત્તપણાનો આરોપ આવે છે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો બીજું દ્રવ્ય ક્યાં રહ્યું? અનંત દ્રવ્યો અસ્તિરૂપ છે તે દરેકને ભિન્ન ભિન્ન અસ્તિરૂપે માને ત્યારે શ્રદ્ધા-જ્ઞાન સાચા થશે. ૩૩૯.

❀ જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપ કહે ભાઈ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવો ને એવો જ છે, જો ખુશી થા! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા! તું પ્રસન્ન થા! ખુશી થા! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ! તું ખુશી થા! ને પ્રસન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૩૪૦.

❀ પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૩૪૧.

* * *

## ❀ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ ❀

અરે ભાઈ! તું વિચાર કર કે તું કોણ છો? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તાસ્વરૂપ છો. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. *—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

❀ ❀ ❀ ❀ ❀

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662